# S.U.G COLLEGE OF EDUCATION, VASNA AHMEDABAD

## B. ED- SEMESTER-I

# અભ્યાસક્રમ વિકાસના સિદ્ધાંતો




PRESENTED BY

ડો.કિરણબેન જયંતિલાલ પટેલ

# અભ્યાસક્રમના વિવિધ ખ્યાલો

- **Explicit, Written, formal –** ખુલ્લુ, પ્રત્યક્ષ,લેખિત, ઔપચારિક
- **Implicit, Hidden –** ગર્ભિત, અનોપચારિક
- **Null, Zero -**નિરર્થક, નકામું





Dr. Kiranben jayantilal patel

# EXPLICIT ASPECT – ખુલ્લુ, પ્રગટ, પ્રત્યક્ષ

Dr. Kiranben jayantilal patel

- અભ્યાસક્રમના આ પ્રકારના ખ્યાલની **Written** કે **Formal** ખ્યાલ કહેવામાં આવે છે
- ગુજરાતીમાં તેને લેખિત કે ઔપચારિક પ્રકારનો અભ્યાસક્રમ કહેવામાં આવે છે
- આ પ્રકારનો અભ્યાસક્રમ વિષય કેન્દ્રી વિદ્યાર્થી કેન્દ્રિત શિક્ષણ હેતુ કેન્દ્રી હોઈ શકે પરંતુ તે દરેક લેખિત સ્વરૂપમાં હોય છે આ પ્રકારનો અભ્યાસક્રમ શાળામાં ઔપચારિક રીતે ભણાવવા માં આવે છે
- આ પ્રકારના અભ્યાસક્રમનો ખ્યાલ શાળા અભ્યાસક્રમ ના નામે પણ જાણીતો છે




# EXPLICIT ASPECT

Dr. Kiranben jayantilal patel

- **NCF- 2006** માં આ પ્રકારનો અભ્યાસક્રમનો ખ્યાલ આપવામાં આવ્યો હતો જેમાં લેખિત સામગ્રી આપવામાં આવી હતી


- જેવીકે શિક્ષણ નું આયોજન, શિક્ષણ પ્રક્રિયા, નિયમો, વિષયવસ્તુ, અધ્યયન નિષ્પતિઓ, હેતુ, વિવિધ ધોરણમાં આપવામાં આવતા પાઠ, સમયપત્રક, પ્રવૃત્તિઓ પાઠ્યક્રમ વગેરેનો સમાવેશ થાય છે.



# EXPLICIT ASPECT

Dr. Kiranben jayantilal patel

- ઉપરની બાબતો વર્ગખંડની પ્રક્રિયા નો ખ્યાલ આપે છે શાળાના કાર્યક્રમ નો ટાઈમ ટેબલ માં દર્શાવવામાં આવે છે શાળાના ટાઈમ ટેબલ માં દરેક વિષયના તાસ આપવામાં આવ્યા હોય છે શાળાના જુદા જુદા વર્ગોમાં ટાઈમટેબલ અનુસાર દરેક શિક્ષક પોતાનો વિષય શીખવે છે દરેક શિક્ષક પોતાને લાગુ પડે તે વિષયના અભ્યાસક્રમને ધ્યાનમાં રાખીને દરેક પાઠ નું સારાંશ તૈયાર કરે છે અને એ તમને ધ્યાનમાં રાખીને શિક્ષક વર્ગખંડ તેમજ વર્ગખંડની બહાર અપાતી વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરે છે તે પ્રમાણે શૈક્ષણિક પ્રવૃત્તિઓ વિદ્યાર્થીઓને પૂરી પાડે છે જેને કારણે વિદ્યાર્થીઓને શૈક્ષણિક અનુભવ મળે છે અને તેમનામાં રહેલી શક્તિનો વિકાસ થાય છે



# IMPLICIT ASPECT

Dr. Kiranben jayantilal patel

- આ પ્રકારના ખ્યાલને **hidden** કે **informal** અભ્યાસક્રમ પણ કહેવામાં આવે છે જેને ગુજરાતીમાં ગર્ભિત કે અનૌપચારિક ખ્યાલ કહે છે. જેમાં શાળા ના સંચાલન પ્રમાણે યોજાયેલી પ્રવૃત્તિઓ દ્વારા વિદ્યાર્થીઓ જે શીખે છે અને જેમાં શિક્ષણપદ્ધતિ પસંદ કરવામાં આવે છે તેનો સમાવેશ થાય છે ગર્ભિત અભ્યાસક્રમ ઔપચારિક અભ્યાસક્રમ ની ઉત્પત્તિ છે. પરંતુ ઔપચારિક અભ્યાસક્રમ ની જેમ તે નજરે પડતો નથી પણ ગર્ભિત રીતે અનેક પ્રવૃત્તિઓ સંકળાયેલી હોય તેનું આયોજન કરે છે વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા વિદ્યાર્થી ના રસ, રુચિ, વલણ, શક્તિ તેમજ આવડત ખીલવવાનો હેતુ હોય છે.



# IMPLICIT ASPECT

Dr. Kiranben jayantilal patel

- અહીં શાળા વ્યવસ્થાપન દ્વારા શાળામાં શીખવા શીખવવા માટેનું એક વાતાવરણ તૈયાર કરવામાં આવે છે દા. ત  સામાજિક વાતાવરણ એક શાળાના બાળકો બીજી શાળા કરતાં વધુ સામાજિક હોઈ શકે એટલે કે આ પ્રકારના અભ્યાસક્રમ નો મુખ્ય હેતુ શાળામાં વાતાવરણ તૈયાર કરવું અને બાળકોનો પ્રવૃત્તિ દ્વારા સામાજિક અને નૈતિક વિકાસ કરવો



# IMPLICIT ASPECT

Dr. Kiranben jayantilal patel

- મૂલ્યો અને અપેક્ષાઓ ઔપચારિક અભ્યાસક્રમમાં શીખવવામાંઆવતા નથી પરંતુ તે વિદ્યાર્થીઓ ને શાળામાં અનુભવો પુરા પાડી શીખવવામાંઆવે છેદા. ત તરીકે બીજાને સન્માન આપવું, વ્યક્તિગત જવાબદારીઓ નિભાવવી, નિયમિતતા કેળવવી છે ગર્ભિત અભ્યાસક્રમનું પાસું શાળાના કાર્યક્રમના અમલ માટે થોડે ઘણે અંશે અઘરું છે પરંતુ આ પાસાને શિક્ષક કાબૂમાં રાખી શકે છે જેમકે શાળાનું વાતાવરણ, શાળાનું શિસ્ત, શાળાની પ્રવૃત્તિઓ, વર્ગનું વાતાવરણ વગેરે બાબતો ગર્ભિત છે જે જોઈ શકાતી નથી પણ તેનો અનુભવ થાય છે



# NULL ASPECT

Dr. Kiranben jayantilal patel

અભ્યાસક્રમના આ ખ્યાલને **0** કે નિરર્થક અથવા નકામા ખ્યાલ તરીકે પણ ઓળખવામાં આવે છે.

**Null** એટલે કે વિષયવસ્તુ અને એકબીજા સાથે જોડી વિષયવસ્તુનું બાકીનો ભાગ ભણાવવાનો છોડી દેવો.

શિક્ષક વિષયવસ્તુનું એક ભાગ બીજા ભાગ સાથે જોડી તે ભાગ સાથે ભણાવે છે મને જે ભાગ જોડેલો છે તે ભણાવવાનું છોડી દે છે એટલે કે નિરર્થક કે નકામું સમજે છે.



# NULL ASPECT

**Dr. Kiranben jayantilal patel**

- **Null** અભ્યાસ ક્રમ એટલે એવી બાબતો કે વિષયવસ્તુ જેને ઔપચારિક કે **Explicit** અભ્યાસક્રમમાંથી **omit** કરવામાં અથવા છોડી દેવામાં આવે છે અથવા એને બીજા વિષયવસ્તુ સાથે જોડી દેવામાં આવે છે એ વિષયવસ્તુને અલગથી ભણાવવાની જરૂર રહેતી નથી. વિષયવસ્તુના જે ભાગ ને છોડી દેવામાં આવે છે. તેને **Null** અભ્યાસક્રમ કહે છે.



# NULL ASPECT

**Dr. Kiranben jayantilal patel**

- આ પ્રકારના અભ્યાસક્રમથી વિદ્યાર્થીઓમાં બૌદ્ધિક પ્રક્રિયાઓ જોવું, સાંભળવું જેવી બાબતો વિદ્યાર્થીઓ ચુકી જાય છે. અહીં વિષયવસ્તુના સબ ટોપિક છોડી દેવામાં આવે છે. જેથી વિદ્યાર્થી વલણો, મૂલ્યો અને સંવેગોની ઉણપ અનુભવે છે. આ પ્રકારનો અભ્યાસક્રમ ઓછો મહત્વ ધરાવે છે. આ પ્રકારના અભ્યાસક્રમથી બૌદ્ધિક પ્રક્રિયાઓ અને ઉદારમતવાદી શિક્ષણનો વિકાસ રૂંધાય છે.

